

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*રામમત નહીં જનમતનો પણ આગ્રહ કર્યો,*
*રાજકારણમાં શિસ્ત ને સિદ્ધાંતનો સ્વીકાર કર્યો*
*કર્યો આદર ન્યાય-નિષ્ઠા સાથે વિદ્વતાનો પણ -*
*રહ્યા અટલ હિંદુત્વમાં ગૌરવથી વિહાર કર્યો...*

હાઈકુ

*સિદ્ધાંત સાથે,*
*કરી ન બાંધછોડ*
*સંઘ સૈનિક*
*(સાચા સેનાની)*

*થયો વિલીન,*
*ટહુકો થયો શાંત-*
*વાણીનો મોર...*
*(પ્રખર વિદ્વાન વક્તા)*

## ચિંતન

*મોક્ષસ્ય હેતુ: પ્રથમે નિગદ્યતે વૈરાગ્યમત્યન્તમનિત્ય વસ્તુષુ ।*
*તત: શમશ્ચાપિ દમસ્તિતિક્ષા ન્યાસ: પ્રસક્તાખિલકર્મણાં ભૃશમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અનિત્ય વસ્તુઓમાં અત્યંત વૈરાગ્ય મોક્ષનું પ્રથમ કારણ કહેવાય છે. એ પછી શમ, દમ, તિતિક્ષા અને આસિક્તથી કરાતાં બધા કર્મોનો ત્યાગ આવે છે.

જીવન વ્યવહાર, મમતા, વાસના-મોહ વગેરે પર જ્યારે હૃદયપૂર્વકનો વૈરાગ્ય આવે - ત્યાગ થાય ત્યારે જ 'મોક્ષ' 'મુક્તિનો' માર્ગ ખૂલ્લો થાય છે. ત્યારે ન ટકે વૈરાગ્યવ વિના...

તે પછી અપેક્ષાઓ, સ્વાર્થ કે ભૌતિક સુખ માટે કરવામાં આવતાં બધાં જ કર્મો પ્રત્યે વૈરાગ્ય આવે છે.

## સુવિચાર

- છેતરીને કોકને કયાં જશો ? માણસો છેતરાશે, ઉપરવાળો નહીં - **સુરેશ દલાલ**
- દરેક પગથિયે ઈચ્છાની બલિ ચડે છે, ત્યારે જ કોઈ સફળતાની સીડી ચડે છે... - **અખંડ આનંદ**
- અભિન્યુ કી એક બાત બડી હિંમત દેતી હૈ.. હિંમત સે હારના પર...
  હિંમત મત હારના - **ઓશો**
- અહંકારની નિવૃત્તિ, એનું નામ જ મુક્તિ - **આપ્તસૂત્ર**
- બુદ્ધિ અને પ્રજ્ઞાની વ્યાખ્યા શી ? સહેજ પણ અજંપો કરે તે બુદ્ધિ, પ્રજ્ઞામાં અજંપો ના હોય - **ડો. નીરુબહેન અમીન**
- નિશ્ચય શુદ્ધ હશે તો વ્યવહાર જલ્દી શુદ્ધ થશે, નહીં તો નિશ્ચયને લક્ષમાં રાખીને વ્યવહાર શુદ્ધ કરવો પડશે - **એસ ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કાકડીમાં સિલિકોન અને સલ્ફર હોય છે. કાકડીના રસથી વાળ ધોવાથી તથા રસ પીવાથી વાળ વધે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

યમુના નદીના કિનારે સનાતન ઋષિ ભગવાનનું ભજન કરી રહ્યા હતા. ત્યાં એક બ્રાહ્મણે આવી ઋષિને વંદન કર્યા... સનાતને પૂછ્યું 'કયાંથી આવો છો? આપનું નામ શું છે?' બ્રાહ્મણે કહ્યું, 'હું ખૂબ દુ:ખી છું, હું જગન્નાથપુરીથી આવું છું. મને સ્વપ્નમાં એવું કોઈ મહાત્માએ કહ્યું છે કે, 'યમુનાકાંઠે જે સંતઋષિ મળે તેમની સેવા કરજો તો તમારા દુ:ખ ટળી જશે.' સનાતન ઋષિએ કહ્યું, 'મારી પાસે તો કંઈ હતું જ નહિ છે પણ નહિં, પણ હા મારી ઝોળીમાં એક મણિ હતો જેને માટે મને એમ તું કે હું તારા જેવા કોઈક ને આપી દઈશ. એ મણી પણ હમણાં મેં આ રેતીમાં ફેંકી દીધો. તું સાંજ પહેલા આટલામાંથી એ મણિ શોધી કાઢે તો તારું દુ:ખ ઓછું થશે.' બ્રાહ્મણે ઋષિએ બતાવેલ જગ્યાએ શોધખોળ કરી તો તેને એક મણિ મળ્યો. એણે એ મણિ લોઢાના માદળિયાને અડકાવ્યો તો તે માદળિયું સોનાનું બની ગયું. બ્રાહ્મણે મનમાં જ અનેક મહેલ મહેલાતો વૈભવોની કલ્પનાઓ કરી લીધી. બ્રાહ્મણની એક આંખ સુંદરતા ઉપર હતી. બીજી આંખ મનની પહેલી મહેલાતો ઉપર હતી. ત્યાં તેને સનાતન ઋષિની યાદ આવી એણે ઋષિને કહ્યું, 'અખૂટ સમૃદ્ધિ આપનાર મણિને જેણે માટી સમાન ગણીને મને આપી દીધો. એ ઋષિ ચરણની માટી જ મારે જોઈએ છે. આ મણિ નથી જોઈતો.' એમ બોલીને એણે મણિ યમુના નદીમાં ફેંકી દીધો. મણિ દેનાર અને મણિ લેનાર બંને જીતી ગયા.

# રાષ્ટ્રીય પ્રતીકો બદલવાની પળોજણ

**તંત્રીસ્થાનેથી...**

દેશને આઝાદી મળી એનું લગભગ સંપૂર્ણ શ્રેય તત્કાલીન કોંગ્રેસે લઈ લીધું. આ એક પ્રકારની અંચઈ હતી. ગાંધીજી અને એમના અનુયાયીઓ જેટલું જ શ્રેય પેલા માથું મૂકીને ઝઝૂમેલા ભગતસિંહ જેવા ક્રાંતિકારીઓને પણ આપવું જોઈતું હતું. એ માટે જવાબદાર ગણાય તત્કાલીન કોંગ્રેસના નેતાઓ - જેમાં એકલા જવાહરલાલ નહેરુ પર જ દોષનો ટોપલો ઢોળવો વાજબી નહીં ગણાય - ખુદ સરદાર પટેલ પણ એ દોષમાં સરખા ભાગીદાર ગણાવા જોઈએ, એ બધાંની ગાંધીભક્તિને કારણે જ ગાંધીજીને 'રાષ્ટ્રપિતા'નું બિનબંધારણીય બિરુદ સાંપડ્યું અને એ હંમેશને માટે 'અનામત' બની ગયું. કોંગ્રેસનાં વળતાં પાણી થયાં એ પહેલાં પણ સામ્યવાદીઓ કે હિંદુ મહાસભા અથવા ફોરવર્ડ બ્લોકના નેતા ગાંધીવિચારથી તદ્દન અલગ અભિપ્રાય ધરાવતા હતા. ખાદી કે ગાંધી ટોપી તે ગાંધીવિચારના પ્રતિકો હતા. આંબેડકર ખાદી નહોતા પહેરતા. ધ્વજ ફરકાવવા માટે ટોપી પહેરવી એ ફરજિયાત કર્મકાંડ બની ગયો હતો જેને ભારતીય જનતા પાર્ટી અને સામ્યવાદી શાસને સભાનતાપૂર્વક રિજેક્ટ કર્યા છે, કારણ કે ટોપી એ કોંગ્રેસ કલ્ચરનું સિમ્બોલ બની ગઈ હતી. આથી લાલ કિલ્લા પર ધ્વજવંદન કરાવતાં નરેન્દ્ર મોદી કેસરિયો સાફો પહેરતા હોય તો એની પાછળ કોંગ્રેસ અને ગાંધીવિચાર બોઉનો સ્પષ્ટ નિષેધ વરતાય તો સ્વાભાવિક છે. સાફો રાજપૂતની શાનનું અને રજવાડી શૌર્યનું પ્રતિક છે. ટોપી અહિંસા અને અસહકારની ગાંધીવાધી ચળવળનું. લાલ કિલ્લા પર જ ધ્વજવંદન કરવું તે પણ એક પ્રસ્થાપિત પરંપરા છે જે મોદી તોડી શકયા નથી. ધ્વજવંદન માટે ગુજરાતમાં મુખ્યમંત્રી બન્યા ત્યારે એમણે જે પરંપરાભંજનનું કામ કર્યું તે પ્રશંસનીય હતું. એમણે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ગાંધીનગર - અમદાવાદથી ખસેડીને જિલ્લા અને તાલુકા મથકો પર્યંત વિસ્તારીને પ્રજાલક્ષી નિર્ણય લીધો હતો. એ જ રીતે તેઓ રાષ્ટ્રીય પર્વની કેન્દ્ર સરકાર યોજિત ઉજવણીને રાજયોની રાજધાની સુધી વિસ્તારી શક્યા હોત પરંતુ એમાં એમનો કદાચ બ્યુરોક્રસીનો કે ખુદ એમની સુપ્રીમ પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સહયોગ નહીં સાંપડ્યો હોય, નહીંતર એ હિંમત તો એમનામાં હતી જ. એમનો નાછૂટકે રાષ્ટ્રપિતાનાં દર્શન કરીને રાષ્ટ્રધ્વજ ફરકાવવાની પરંપરાને વળગી રહેવું પડે છે. કોંગ્રેસી વડાપ્રધાનોનો ગાંધીજીની સમાધિને પગે લાગ્યા પછી પ્રથમ વડાપ્રધાનોએ ગાંધીજીની સમાધિનો પગે લાગ્યા પછી પ્રથમ વડાપ્રધાન પં. નહેરુ, એ પછીના વડાપ્રધાનો શાસ્ત્રી, ઈંદિરા ગાંધી અને રાજીવ ગાંધીની સમાધિઓની પરિક્રમા કરવાની પરંપરા પાડી હતી તો નરેન્દ્રભાઈ એ તોડી બતાવવાની હિંમત દાખવી છે. સાફો એ એક તરફ રાજાશાહીનું પ્રતીક છે તો બીજી તરફ વીરતાનું સિમ્બોલ પણ છે. એમાં જૂના ક્ષત્રિય રાજવીઓની ગરિમા વરતાય છે, એટલે અંશે એ ઓર્થોડોક્સ જરૂર લેખાય. લોકશાહીમાં રાજાશાહી પ્રતીકો કેટલાં પ્રસ્તુત ગણાય તે પ્રશ્ન છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીના પાયામાં કેસરિયા હિંદુત્વનો જ મહિમા છે. એથી એના નેતાઓને મન અંગ્રેજોને હંફાવનારા ગાંધી - સરદાર - જવાહર કરતાં મોગલો સામે ઝિંક ઝીલનારા રાણા પ્રતાપ, શિવાજી કે મહંમદ ઘોરી સામે બાથ ભીડનાર પૃથ્વીરાજ ચૌહાણ વિશેષ મહત્ત્વના પૂર્વસૂરિઓ છે. ગાંધીને તો મજબૂરીથી સ્વીકારવા પડ્યા છે અને સરદારને નહેરુ અને ઈંદિરા ગાંધીની સામે મૂકવા માટે અપનાવવા પડ્યા છે. ભારતીય જનતા પાર્ટી સામે કદાવર કહી શકાય એવો એક માત્ર નેતા હતા અટલ બિહારી વાજપેયી....

# આત્મા માટે જ કર્મ કરો



રંગ-ઉમંગ
કાનન ઓઝા

સદ્‌ગુરુ એટલે અક્ષરનો ખજાનો. તેમના ઉપકારનો બદલો વાળી શકતો નથી. ધરતી ઉપરની કોઈ પણ ચીજવસ્તુ તેમનું ઋણ ચૂકવી શકતું નથી. શિષ્યને એવું થાય છે કે ગુરુને કાંઈક ને કાંઈક આપું અને તે ન આપે ત્યાં સુધી ચેન પડતું નથી. આમ છતાં આવવાનું શિષ્ય ભૂલી જાય તો સદ્‌ગુરુ એમને યાદ નથી કરાવતા જગદગુરુ શંકરાચાર્ય એ વેદો અને ઉપનિષદો ઉપર ટીકા લખી છે. આવા મહાન કામનો બદલો કેવી રીતે વાળી શકાય ! તેમને કોઈ એ પૂછ્યું, 'ગુરુદેવ, શાનાથી બદલો વળે આપ આપેલા જ્ઞાનનો ?' શંકરાચાર્યજી કહે છે : 'ભૌતિક રીતે તો બદલો ન જ વાળી શકાય. પણ જો તમે પ્રયાસ કરો તો અમને બદલો આપ્યો કહેવાય.'

એક કિમિયાગરે એકના ડબલ આપવાની વાત કરી એક ભાઈ તેમની વાતમાં આવી ગયા. અને ઘરમાંથી સોનાના દાગીના લાવીને આપ્યા. પરિણામે એ આવ્યું કે સોનું તો બમણું ન જ થયું પણ હતા તે સોનાના દાગીના પણ ગયા. માણસે એ વિચાર કરવો જોઈએ કે જો તે માણસ એકના ડબલ કરી શખ્યો હોત તો એને બહાર ફરવાની શી જરૂર? આ કોઈ સંત નહોતો, પણ કોઈ છેતરપીંડી કરનાર બાવો હતો. સંતો તો ક્ષરની નહીં અક્ષરની વાત કરે. છે. વળી કહે છે : તમે સેવા, પૂજા, પાઠ, માળા, મંદિર, જપ કે તીર્થ એવું જે કાંઈ કરો તે અક્ષર પ્રાપ્તિ અર્થે કરો. જો તમે એમ કરશો તો તમારું એ કર્મકાંડ અક્ષર પ્રાપ્તિની સાધના જ બની જશે. એટલે કે ધર્મની ગુણવત્તા બદલાઈ જશે.

ધર્મ, ધ્યાન અને યોગની આધારશીલા છે. આત્મા તેને પામવા માટેનો પ્રયાસ થાય. આત્માને પામવાનો પ્રયાસ થાય, ત્યારથી જ ધર્મારંભ થયો. ધ્યારંભ કે યોગરંભ ત્યારે જ થયો કહેવાય, એ પ્રક્રિયા કર્મકાંડ પર છે. માણસ નાક, કાન વિંધાવે છે, છૂંદણાં ત્રોફાવે છે... સારા કપડાં પહેરે છે, દાગીના પહેરે છે. એ સુંદર દેખાવવાનો પ્રયત્ન કરે છે. પણ એ આત્મા માટે કશું જ કરતો નથી. પણ જો માણસ તે કલિકાક સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી 'કાચો માણસ' કહે છે.

તે માણસ આત્માને લક્ષમાં રાખીને બધી જ પ્રક્રિયા કરતો હોય તો કે પાકટ સાધક ગણાય. ખૂલીએ છે કે આત્મા સાધન કેળવી માણસ જ કરી શકે ? પશુ, મરકવાસી, દેવો કરી શકતા નથી. આમ હોવા છતાં માણસ આત્મા માટે પ્યાસ નથી કરતો તેનું દુ:ખ સંતોને થાય છે.

જેમ ખેતીમાં સૌપ્રથમ જમીન જોઈએ. વ્યાપારમાં પૈસો જોઈએ. એવી જ રીતે ધર્મ, ધ્યાન, યોગમાં સૌપ્રથમ આત્મા જોઈએ. ધ્યાનની શરુઆત જ આત્માની વાતથી થાય છે. જો ધર્મ કરનારા માણસ આત્મલક્ષી ન હોય તો તેને ધર્મ કર્મકાંડથી આગળ વધતો નથી. પરિણામે તેનું પરિણામ મિત-શુદ્ધિનું, આમૂલાગ્ર પરિવર્તનનું નથી આવતુ. એટલા માટે જ એવું સર્વત્ર દેખાય છે કે - પૂજા, પાઠ, માળી, મંદિર, તીર્થ ઘણાં કરનારાનો કામ ક્રોધ ગયા જ નથી હોતા, તેનામાં પ્રેમ, આવ્યો જ નથી હોતો. હવે કહો એ કર્મકાંડ શા કામના ? જો એ કરનારને આત્માને કેન્દ્રમાં રાખ્યો હોય તો એનાં વિકાસો બળત અને જે આજે પરિધિ ઉપર છે તે કેન્દ્ર તરફ ગયો હોત.

વેદો કહે છે તત્ત્વમસિ એટલે કે એ જ પૂર્ણતત્ત્વ આત્મા છે. તે તું જ છો. આવું જ્ઞાન સદ્‌ગુરુ પાસેથી જ મળે છે. જગત તો તમને ક્ષર આપે છે, જે કાળે કરી ને ચાલ્યું જવાનું સદ્‌ગુરુ તમને અક્ષર આપે છે, તમારી પાસેથી કયારે પણ જવાનું નથી. મારે આત્મા માટે જ જીવન જીવો, આત્મા માટે જ કર્મ છે, સૌને આત્મવત્ જ સમજો.

# નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ગ્રાઉન્ડ નટ કયાં આવેલ છે ?



ખજાનો
અનિલ પટેલ

## કૃષિ જગત

૧ ડૉ. વર્ગીસ કુરિયન કઈ ક્રાંતિના જનક કહેવાય છે ?
(અ) હરિત ક્રાંતિ (બ) પીળી ક્રાંતિ
(ક) શ્વેત ક્રાંતિ (ડ) નીલ ક્રાંતિ

૨ ન્યૂનતમ સમર્થન મૂલ્ય કયારે જયારે કરવામાં આવે છે ?
(અ) પાક વાવેતર સમયે (બ) પાક વાવેતર પહેલાં
(ક) પાક વાવેતર પછી (ડ) પાક તૈયાર થયા પછી

૩ કૃષિ ઉત્પાદકતાનું સૂત્ર સું છે ?
(અ) કુલ ઉત્પાદન ભાગ્યા કુળ ક્ષેત્રફળ (બ) કુલ ઉત્પાદન વત્તા કુલ ક્ષેત્રફળ
(ક) કુલ ઉત્પાદન ગુણ્યા કુલક્ષેત્રફળ (ડ) કુલ ઉત્પાદન - કુલક્ષેત્રફળ

૪ કયુ ફૂલ ફૂલોના રાજા તરીકે ઓળખાય છે ?
(અ) સૂર્યમુખી (બ) હજારીગલ
(ક) જાસૂદ (ડ) ગુલાબ

૫ હરિક્રાન્તિનો સૌથી વધુ લાભ કયા કઠોળ પાકને થયો ?
(અ) વાલ (બ) તુવર
(ક) ચણા (ડ) મગ

૬ નીચેનામાંથી કઈ શાકભાજીમાં લોહતત્ત્વ વિપુલ પ્રમાણમાં હોય છે ?
(અ) મેથી (બ) પાલક
(ક) તાંદળજો (ડ) કોથમીર

૭ નેશનલ એગ્રીકલ્ચર રિસર્ચ મેનેજમેન્ટ અકાદમીનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) હિસાર (બ) હૈદરાબાદ
(ક) ઉદયપુર (ડ) જબલપુર

૮ ભારતીય મસાલા અનુસંધાન સંસ્થાન કયાં આવેલું છે?
(અ) કરનાલ(હરિયાણા) (બ) ત્રિચરાપલ્લી (મદ્રાસ)
(ક) કાલીકટ (કેરલ) (ડ) પુત્તુર (કર્ણાટક)

૯ રાષ્ટ્રીય ડેરી અનુસંધાન સંસ્થાન, કરનાલ દ્વારા કયું ત્રિ માસિક પ્રકાશિત થાય છે ?
(અ) ડેરી ઉદ્યોગ (બ) દુગ્ધ ગંગા
(ક) ડેરી સમાચાર (ડ) દુધ સાગર

૧૦ ચંદ્રશેખર આઝાદ કૃષિ અને પ્રૌદ્યોગિકી યુનિવર્સિટી કયાં આવેલી છે ?
(અ) લખનૌ (બ) નાગપુર
(ક) જૂનાગઢ (ડ) હિસાર

૧૧ નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ઓનિયન એન્ડ ગાર્લિક કયાં આવેલ છે ?
(અ) ઈન્દોર (બ) પૂણે
(ક) નાગપુર (ડ) રાયગઢ

૧૨ નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ગ્રાઉન્ડ નટ કયાં આવેલ છે ?
(અ) રાજકોટ (બ) જામનગર
(ક) ભાવનગર (ડ) જૂનાગઢ

૧૩ જીબી પંત કૃષિ અને પ્રૌદ્યોગિકી યુનિ. કયું માસિક પ્રકાશિત કરે છે ?
(અ) ખેડૂત સમાચાર (બ) કૃષિ જગત
(ક) કિસાન ભારતી (ડ) ખેતી

૧૪ કૃષિક્ષેત્રે સૌથી વધુ રાસાયણિક ખાતર કયું રાજય વાપરે છે ?
(અ) હરિયાણા (બ) ગુજરાત
(ક) પંજાબ (ડ) ઉત્તરપ્રદેશ

૧૫ ગુજરાતમાં કયા સ્થળે કિસાન કોલ સેન્ટર કાર્યરત છે ?
(અ) સુરત (બ) વડોદરા
(ક) અમદાવાદ (ડ) રાજકોટ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૬ ઓગસ્ટ : (પાંડેચરીનો ભારતમાં વિલય દિવસ)**
  - સ્વામી રામકૃષ્ણ પરમહંસની પુણ્યતિથિ (૧૯૧૯)
  - કર્મનિષ્ઠ ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાની પુણ્યતિથિ (૧૯૬૯)
  - દયારામ પ્ર. ભટ્ટ ની જન્મજયંતિ (૧૭૭૭)
- **૧૭ ઓગસ્ટ :**
  - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
  - વિજયલક્ષ્મી પંડિતનો જન્મજયંતિ (૧૯૦૦)
  - જાણીતા શાયર ગની દહીંવાલાની જન્મ જયંતિ (૧૯૦૮)
- **૧૮ ઓગસ્ટ :**
  - ખડગપુરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજી શરુ થઈ (૧૯૫૧)
  - જાણીતા સાહિત્યકાર સિતાંશુ યશચંદ્રની જન્મજયંતિ (૧૯૪૧)
  - લીના સારાભાઈની જન્મજયંતિ (૧૯૩૩)
- **૧૯ ઓગસ્ટ (વર્લ્ડ ફોટોગ્રાફી ડે / વર્લ્ડ હ્યુમેનેટ્રિયન ડે)**
  - વરાળયંત્રના શોધક જેમ્સ વોટનું અવસાન (૧૮૧૯)
  - પૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્માની જન્મજયંતિ (૧૯૧૮)
  - ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કોલકાત્તાની ટંકશાળામાં રૂા. ૧ નો પ્રથમ સિક્કો બનાવ્યો (૧૭૫૭)
- **૨૦ ઓગસ્ટ** : સદ્‌ભાવના સંકલ્પ દિવસ
  - સાહિત્યકાર ચંદ્રકાન્ત બક્ષીનો જન્મદિવસ
  - ટોલસ્ટોયની જન્મજયંતિ (૧૮૨૮)
  - પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો જન્મ દિવસ (૧૯૪૪)
  - ચૌધરી ચરયણસિંહ વડાપ્રધાન પદે બિરાજ્યા (૧૯૭૯)
- **૨૧ ઓગસ્ટ :**
  - શાસ્ત્રીય સંગીતના ઉસ્તાદ બિસ્મીલ્લાખાનનું નિધન (૨૦૦૬)
  - સાહિત્યકાર રામનારાયણ પાઠકની પુણ્યતિથિ (૧૯૫૫)
  - ચંદ્રશેખર મ. ભટ્ટની જન્મજયંતિ (૧૯૦૧)
- **૨૨ ઓગસ્ટ :**
  - મહાન ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી પ્રભૂણેનો જન્મદિવસ (૧૭૨૦)
  - શ્રીલંકાના આનંદકુમાર સ્વામીના જન્મજંયતિ (૧૮૭૭)
  - ઓસ્ટ્રેલિયાના શોધક બ્રિટીશ કેપ્ટન કૂકનો જન્મદિવસ (૧૭૭૦)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**નિરાધાર બાલીકાઓના યૌન શોષણના મામલે બિહારના કયા મંત્રીએ રાજીનામુ આપવું પડ્યું ?**

**જવાબ : સમાજકલ્યાણ મંત્રી મંજુ વર્મા**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬
(૩) મહેશ એમ. જાદવ : રાયસણ
(૪) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) નટુભાઈ દરજી : પેથાપુર

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**અટલ બિહારી વાજપેયી કઈ સાલમાં પ્રથમવાર વડાપ્રધાન બન્યા હતા ?**


**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'શિવમહિમા'નાં શિવનામો

આચાર્ય ગંધર્વરાજ પુષ્પદૃત અનન્ય શિવભક્ત હતા. એના દાંત મોગળાની કળી જેવા સુંદર હતા. આથી એનું નામ કુસુમદશન હતું. ગંધર્વ અર્ધદૈવી જાતિ ગણાય. તેનામાં અદૃશ્ય રહેવાની અને હવામાં ગતિ કરવાની સિદ્ધિઓ હતી.

ભગવાન શંકરની પૂજા માટે એ વારાણસીના ઉદ્યાનમાંથી પુષ્પો લઈ આવતા. માળીઓને આશ્ચર્ય થતું - 'આ પુષ્પો જાય છે કયાં ? રહસ્યમય છે.' એમણે બગીચામાં ઠેર ઠેર બિલ્વપક્ષો પાથરી દીધો. અજાણપણે પુષ્પદન્તના ચરણ એનાં ઉપર પડી ગયા. એ શિવના અપરાધી થયા. એની બંને સિદ્ધિઓ જતી રહી. માળીઓ પાસે પ્રત્યક્ષ થઈ ગયા. તેઓએ પુષ્પદંતને પકડી લીધા. પુષ્પચોર તરીકે રાજા પાસે લઈ ગયા. રાજા તરફથી એને સજા કરવાની હતી.



પોતે શિવના ભક્ત છે અને શિવનો અપરાધ કર્યો છે અને હવે રાજાની સજા મળવાની છે. આના ઉપાયરૂપે અપુષ્પદંતે શિવની સ્તુતિ કરી. આમાં શિવમહિમાનું ગાન હતું. આ સ્તુતિ શિવ મહિમ્ન: સ્તોત્ર હતું. આમાં ૪૨ શ્લોક છે. અપરાધ માટેની ક્ષમા પ્રાર્થના છે. મહિમાનું મંગલમય ગાન છે. ગંધર્વોને સંગીત ઉપર પ્રભુત્વ. તો આ ગંધર્વરાજની સ્તુતિમાં સંગીતનો લય છે.

સ્તુતિથી શંકર પ્રસન્ન થયા. એને એની બંને સિદ્ધિઓ પાછી મળી. શિવજી જેને માફ કરે, એને રાજા તો કરે જ ને ?

આ શિવ મહિમાની સ્તુતિમાં શંકર માટે જે વિશેષણો પ્રયોજાયા છે, જે નામો પ્રયોજાયાં છે, એ ભગવાન શંકરનું સ્વરુપ સમજવા માટે ઉપયોગી છે. એમની લાક્ષણિકતાઓ પ્રગટ કરે છે.

તે આ રીતે છે :
(૧) હર - સંકટોને હરી લેનારા.
(૨) પુરમથન - અસુર શત્રુઓના નગરોનો નાશ કરનારા.
(૩) વરદ - પ્રસન્ન થાય એટલે વરદાન આપનારા.
(૪) અમરવર - સૌ દેવોથી ચડિયાતા.
(૫) ગિરીશ - વાણીના સ્વામી, પર્વતમાં રહેનારા.
(૬) ત્રિપુરહર - અસુરના ત્રણ નગરોનો નાશ કરનારા.
(૭) ત્રિનયન - ત્રણ નેત્રોવાળા
(૮) ધૃતમહિમ - ગૌરવશીલ
(૯) શરણદ - કોઈને ૫ ા ણ શરણ આપનારા.
(૧૦) નાથ - પ્રભુ, સ્વામી, રક્ષક
(૧૧) સ્મરહર - કામદેવની કાયાનો નાશ કરનારા
(૧૨) ભવ - શ્રેષ્ઠ (૧૩) શર્વ - શત્રુને મારનારા
(૧૪) રુદ્ર - શત્રુને રડાવનારા (૧૫) પશુપતિ
(૧૬) ઉગ્ર (૧૭) મહાદેવ (૧૮) ભીપ - ભયંકર
(૧૯) ઈશાન - શાસક, સ્વામી, માલિક
(૨૦) દેવ (૨૧) પ્રિયદવ - જેને અરણ્યપ્રિય છે, અગ્નિપ્રિય છે.
(૨૧)(૨૨) નેદિષ્ઠ અને દવિષ્ઠ - એકદમ નજીક છે અને એકદમ દૂર છે. (૨૩) (૨૪) ક્ષોદિષ્ઠ અને મહિષ્ટ - એકદમ અણુ અને એકદમ મહાન (૨૫)(૨૬) વર્ષિષ્ઠ અને યવિષ્ઠ - એકદમ પુરાતન અને એકદમ નવીન. (૨૭) મૃડ - દયાળુ
(૨૮) શિવ - કલ્યાણ કરનારા
(૨૯) ઈશ - શક્તિશઆળી, માલિક, સ્વામિ (૩૦) દૂર્જટિ - ભરાવદાર જટાવાળા (૩૧) મહેશ - મહાન ઈશ
(૩૨) શશિધર વરમૌલિ - મસ્તકે ઉત્તમ ચંદ્રને ધારણ કરનારા
(૩૩) દેવદેવ - દેવોના પણ દેવ
(૩૪) ભૂતપતિ - પ્રાણીમાત્રના સ્વામી
(૩૫) દેવેશ - દેવોના પણ સ્વામી
(૩૬) સદાશિવ - સૌ કોઈનું હંમેશા કલ્યાણ કરનારા

ગંધર્વરાજ આચાર્ય પુષ્પદંતે પોતાના ઈષ્ટદેવ ભગવાન શંકરના મહિમાનું ગાન કરવા આ શિવમહિમ્ન: ની રચના કરી છે. તેમાં પ્રયોજાયેલાં શિવના આ ૩૬ સંબોધનો અને વિશેષણો એમનાં સ્વરુપ અને કાર્યક્ષેત્રને સમજવા માટે પર્યાય છે.



અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા